# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઇન્સ સુરત- ૩૯૫૦૦૧

- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gmail.com web :-www.suratdeo.or


જા.નં./મા-૨/સ્કૂલબસ/ફીટનેસ/૨૦૨૫/ 2452 તા.12/03/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત શહેર પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,તમામ
સુરત.જિ.સુરત

વિષય:- વિદ્યાર્થીઓની સુરક્ષા અંગે સુરત શહેરની સ્કુલમાં સ્થાપી સૂચના આપવા બાબત.

સંદર્ભ:- પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી,પાલ હજીરા રોડ,સુરત (પાલ)નો પત્ર ક્રમાંક નં-શાસન/સ્કુલબસ/ટેકસ/ફીટનેસ/સુરત(પાલ)ઓન./૬૬૩ તા.૦૫/૦૩/૨૦૨૫ પત્ર અન્વયે.

આ સાથે સામેલ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી,પાલ હજીરા રોડ,સુરત (પાલ)નો પત્ર ક્રમાંક નં-શાસન/સ્કુલબસ/ટેકસ/ફીટનેસ/સુરત(પાલ) ઓન./૬૬૩ તા.૦૫/૦૩/૨૦૨૫ પત્ર અન્વયે. સુરત શહેરમાં કાર્યરત શાળાઓમાં વિદ્યાર્થીઓને પરીવહન કરવા માટે રિક્ષા,વાન,તેમજ બસનો ઉપયોગ કરવામાં આવે છે. આ વાહનોના ચેકીગ દરમ્યાન ટેકસ ભરવાનો બાકી હોવાને પરિણામે વાહનનું ફીટનેસ તેમજ પરમીટ ઇશ્યૂ થઇ શકતી નથી.

ફીટનેસ ન કરાવવાથી વાહનમાં રહેલ યાંત્રિક ખામીના પરિણામે અકસ્માત થવાની સંભાવના રહે છે. જેથી વિદ્યાર્થીઓની સુરક્ષા જોખમમાં ન મુકાય તે બાબતે તાત્કાલિક ધોરણે વાહનનો ટેકસભરી વાહનના ફીટનેસ તેમજ પરમીટ મેળવી લેવા જણાવવામાં આવે છે. પછીથી પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવશે જેથી આ બાબતની ગંભીરતા લઇ કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

બિડાણ :- ઉકત પરિપત્રની નકલ

પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી, અન્નપુર્ણા
માતાજીના મંદિરની બાજુમાં, પાલ હજીરા રોડ, સુરત (પાલ) –
૩૯૪૫૧૦. ફોન નં – ૦૨૬૧ – ૨૯૭૭૧૯૧ / ૯૨,
Email : rto-trans-sur@gujarat.gov.in

નં – શાસન/સ્કુલબસ/ટેક્સ/ફીટનેસ/સુરત(પાલ)/ઓન./૯૯૩ તા.૦૫/૦૩/૨૦૨૫.

પ્રતિ,
જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીની કચેરી,
એ/૩ જિલ્લા સેવા સદન-૨
અઠવાલાઇન્સ, સુરત

વિષય : વિધાર્થીઓની સુરક્ષા અંગે સુરત શહેરની સ્કુલ/કોલેજોમાં સ્થાયી સૂચના આપવા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સુરત શહેરમાં કાર્યરત શાળા/કોલેજોમાં વિધાર્થીઓને પરીવહન કરવા માટે રિક્ષા, વાન, તેમજ બસનો ઉપયોગ કરવામાં આવે છે. અત્રેની કચેરીના અધિકારીશ્રીઓ દ્વારા વાહનોના ચેકીંગ દરમ્યાન સ્કુલ/કોલેજોના વિધાર્થીઓનું પરીવહન કરતા વાહનોનો **ટેકસ ભરવાનો બાકી** હોય તેવું ધ્યાન પર આવેલ છે.

વધુમાં **ટેકસ ભરવાનો બાકી હોવાને** પરિણામે **વાહનનું ફીટનેસ** તેમજ **પરમીટ ઇશ્યૂ** થઇ શકતી નથી. વાહનનું સમયાંતરે ફીટનેસ કરાવવું જરૂરી છે. ફીટનેસ ન કરાવવાથી વાહનમાં રહેલ યાંત્રિક ખામીના પરિણામે અકસ્માત થવાની સંભાવના બની શકે છે. જેથી વિધાર્થીઓની સુરક્ષા જોખમમાં મુકાય તેવી શક્યતા નકારી ન શકાય. વિધાર્થીઓની સુરક્ષાના ભાગ રૂપે નીચે મુજબના મુદ્દાઓ સુરત શહેરની સ્કુલ/કોલેજોને ધ્યાન પર લાવવા તેમજ સ્કુલ/કોલેજમાં વિધાર્થીઓને પરીવહન કરવા માટે વપરાશમાં આવતા વાહનોના રેકર્ડની જાળવણી કરવા અંગેની સૂચના આપનાં તરફથી આપવા જણાવવામાં આવે છે.

૧. સ્કુલ/કોલેજોમાં પરીવહન કરતા વાહનનો તમામ **ટેકસ** ભરપાઇ કરેલો હોવો જોઇએ.
૨. સ્કુલ/કોલેજોમાં પરીવહન કરતા વાહનનું **ફીટનેસ** હોવું જરૂરી છે.
૩. સ્કુલ/કોલેજોમાં પરીવહન કરતા વાહનમાં **સ્કુલ પરમીટ** હોવી જરૂરી છે.
૪. સ્કુલ/કોલેજોમાં પરીવહન કરતા વાહનનું અધ્યતન **PUC** હોવું જરૂરી છે.
૫. સ્કુલ/કોલેજોમાં પરીવહન કરતા વાહનનો અધ્યતન **વીમો** હોવો જરૂરી છે.
૬. સ્કુલ/કોલેજોમાં પરીવહન કરતા વાહનમાં યોગ્ય **અગ્નિશામક** સાધનો હોવા જરૂરી છે.
૭. વાહન ચાલકનું કાયદામાન્ય **લાઇસન્સ** હોવું જરૂરી છે.

પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી
સુરત(પાલ)